A- લેસ્ટર રેલ્વે સ્ટેશન B-લેસ્ટર પ્રીઝન C-ફ્રેનવીક D-લેસ્ટર ટાયગર્સ રગ્બી ગ્રાઉન્ડ

# લેસ્ટર ફેમિલિ કોન્ટેક્ટ સેન્ટર

રજીસ્ટર્ડ ચેરિટિ નં. 1074902

## -વાલીઓ અને બાળકોને એકત્રિત કરે છે-

Bringing children and parents together

# સેન્ટરમાં તમારું સ્વાગત

અમે આશા રાખીએ છીએ કે શનીવારે બપોર પછી તમને તમારાં બાળકો સાથે અહીં સમય પસાર કરવામાં આનંદ આવશે.

અમે એમ માનીએ છીએ કે બાળકો માટે તેમના વાલીઓના અને પરિવારના સંપર્કમાં રહેવું ઘણું અગત્યનું છે અને તમને મળવા માટે જ્યાં સુધી તમે વધારે સારી યોગ્ય વ્યવસ્થાઓ કરી શકો ત્યાં સુધી એક તટસ્થ સ્થાન માટે અમે પ્રસ્તાવ મુકીએ છીએ.

આ સેન્ટર દર શનીવારે બપોરે 1.00 વાગ્યાથી બપોર પછી 4.00 વાગ્યા સુધી ખુલ્લું હોય છે અને તેમાં કર્મચારી તરીકે 3 - 4 સ્વયંસેવકો હોય છે. તમને આવકારવામાં આવે છે એવું તમને લાગે એ માટે દરેક પ્રયત્ન કરવામાં આવશે. ફક્ત હાજરી આપનાર પરિવારના સભ્યોના નામ અને આગમન અને વિદાયના સમયની નોંધ કરવામાં આવે છે. બીજી કોઇ પણ નોંધ અથવા અહેવાલ કરવામાં આવતો નથી.

અમે એ સમજી શકીએ છે કે સંપર્ક તમારે માટે મુશ્કેલ હોય અને એ કદાચ દુ:ખદ યાદોને ફરીથી તમને યાદ કરાવે. પરંતુ અમે આશા રાખીએ છીએ તમે તમારા બાળકની જરૂરિયાતને પહેલી અગ્રતા આપશો અને તેમને સેંન્ટરમાં તેમનો સમય ઘણી સારી રીતે પસાર કરવામાં તમે મદદ કરશો

તરોતાજાની છેલ્લી તારીખ 22/04/2008

## સેન્ટરનો ઉપયોગ

સેન્ટરનો ઉપયોગ કરવું ઘણું સહેલું છે. જો તમે તમારા બાળકને તમારી સાથે લાવો તો બીજા વાલીઓ આવે ત્યાં સુધી અમે તમને રાહ જોવા માટે વિનંતી કરીશું. જો તમારે સેન્ટરમાં રોકાવું હોય તો તમે એ પ્રમાણે કરો એ બાબતમાં અમે રાજી છીએ અને એને માટે એક અલગ રૂમની અમે વ્યવસ્થા કરીશું અમારા અનુભવ પ્રમાણે એક વખત બાળકો ટેવાઇ જાય પછી તેઓ તેમના સંપર્ક માટેના મા અથવા બાપ સાથે અમુક સમય એકલા પસાર કરે તે બાળકો માટે વધારે સારું છે.

## ત્યાં શું કરવાનું હોય છે?

અમારી પાસે પુષ્કળ રમકડાંઓ અને રમતો, જીગસોઝની પસંદગી અને ચોપડીઓ હોય છે. જો બાળકો તેમના પોતાના રમકડાં લાવવા માંગતા હોય તો, મહેરબાની કરી તેમને લાવવા દો.

## શું મારે ચૂકવણી કરવી પડશે?

સેન્ટરનો ઉપયોગ કરવા માટે કોઇ પણ ચાર્જ નથી; ક્રીસ્પ્સ, સ્વીટ્સ,પીણાંઓ, અને બિસ્કિટ્સ વેચવા માટે અમે એક ટક શોપ ચલાવીએ છીએ જેને માટે એક મામૂલી ચૂકવણી કરવા અમે વિનંતી કરીએ છીએ. જો તમારા બાળકને ખોરાક માટે કોઇ ખાસ જરૂરિયાત હોય તો, સેન્ટરમાં તમે પેક્ડ લંચ સંકોચ વિના લાવી શકો છો.

## અમે કેટલી વખત આવી શકીએ ?

અમારું સેન્ટર દર શનીવારે ખુલ્લું હોય છે આથી તમે તમારા ભૂતપૂર્વ પાર્ટનર (ભાગીદાર)સાથે શું વ્યવસ્થા કરો છો તેની ઉપર આધાર રાખે છે - એની વ્યવસ્થા કરવા માટે કદાચ તમારા વકીલ અથવા સી.એ.એફ.સી.એ.એસ.એસ.ના (CAFCASS) ઓફસર તમને મદદ કરે. અમારે દિલગીરી સાથે જણાવવું પડે છે જ્યાં સુધી ભલામણ માટે બન્ને વાલીઓ સંમતિ આપે અને કોઓર્ડીનેટર એનો સ્વીકાર કરે ત્યાં સુધી અમે પરિવારોનો સ્વીકાર કરી શકતાં નથી. સેન્ટરની અંદર જગ્યા ફક્ત થોડા સમય માટે આપવામાં આવે છે એ કારણે અમે વાલીઓને પૂછીએ છીએ કે સંપર્ક માટે બીજી કઇ જગ્યાની શક્યતા છે. એક નક્કી કરેલા સમય પછી સેન્ટરમાં જગ્યાની જરૂરિયાત ઉપર વિચાર કરવામાં આવશે.

## જો હું ન આવી શકું તો મારે શું કરવું જોઇએ?

જો તમારે  આયોજનમાં ફેરફાર કરવાની જરૂર પડે તો અગાઉથી તમારા ભૂતપૂર્વ પાર્ટનરને જણાવવું જોઇએ જેથી શનીવારે તેમને રાહ ન જોવી પડે કારણ કે એનાથી ઘણી નારાજગી પેદા થાય છે.
જો અગાઉથી તેમનો સંપર્ક કરવો તમારે માટે શક્ય ન હોય તો, સામેના પાના ઉપરના મોબાઇલ નંબર ઉપર શનીવારે તમારે સેન્ટરને ફોન કરવો જોઇએ.

## શું હું મારા બાળકને બહાર લઇ જઇ શકું?

આ બાબત વ્યક્તિગત સંપર્ક માટેની વ્યવસ્થા ઉપર આધાર રાખે છે. જો અગાઉથી એને માટે સંમતિ આપવામાં આવી હોય તો, કદાચ એ શક્ય બને.

## શું મારે મારા અગાઉના પાર્ટનરને મળવું પડશે?

જો તમારી ઇચ્છા તમારા અગાઉના પાર્ટનરને મળવાની ન હોય તો, મહેરબાની કરી અમને જણાવો જેથી તે પ્રમાણેની વ્યવસ્થા કરી શકાય.

## જો મને અંગ્રેજી આવડતું ન હોય તો શું થશે?

જો અગાઉથી પૂરતા પ્રમાણમાં કો-ઓર્ડીનેટરને જાણ કરવામાં આવી હોય તો, અમે સેન્ટરમાં તમારી પહેલી મુલાકાતના સમયે દુભાષિયાને હાજર રહેવાની વ્યવસ્થા કરી શકીએ છીએ. અમે દિલગીર છીએ કે આ વ્યવસ્થા અમે ત્યાર પછીની મુલાકાતો માટે પૂરી પાડી શકીએ એમ નથી, પરંતુ તમને લાગે કે અમને આવકારવામાં આવે છે એવું તમને લ્ગે તે માટે અમે બધા પ્રયત્નો કરીશું. આ પુસ્તિકા પંજાબી, ઉર્દૂ, ગુજરાતી અને પોલીશ ભાષામાં પણ મળી શકે છે.

## શું કોઇ નિયમો છે?

અમુક નિયમો છે, પરંતુ અમે સેન્ટરમાં દારૂ ન લાવવા માટે અને જો તમે દારૂનો ઉપયોગ કર્યો હોય અથવા બીજા પદાર્થનો ઉપયોગ કર્યો હોય તો ન આવવા માટે વિનંતી કરીએ છીએ. સેન્ટરની અંદર ધુમ્રપાન માટે પણ પાબંધી છે. સેન્ટરમાં બાળકો ઉપર ધ્યાન રાખવા વિના એકલાં રાખવાં ન જોઇએ.
અમે આશા રાખીએ છીએ કે આનાથી તમને તમારા બધા સવાલોના જવાબો મળ્યા હશે. તમને જે સેવા મળે તે અંગે કોઇ પણ બાબતમાં તમે રાજી ન હોય અથવા કઇ રીતે સેન્ટરમાં સુધારો થઇ શકે એ બાબતમાં તમે પ્રસ્તાવ કરી શકો તો, મહેરબાની કરી અમારા કોઇ પણ સ્વયંસેવક સાથે વાત કરો અથવા કો ઓર્ડીનેટરનો સંપર્ક કરો.
કોન્ટક સેન્ટર નક્કી કરેલી કાર્યનીતિ મુજબ કામ કરે છે. આ કાર્યાનીતિ ઉપર સેન્ટરમાં વિનંતી કરવાથી અથવા કો-ઓર્ડીનેટર ઉપર અરજી કરવાથી પૂનરાવલોકન થઇ શકે છે.

## સંપર્ક માટે ઉપયોગી માહિતી:

The Co-ordinator, (પોસ્ટનું સરનામું)
Leicester Family Contact Centre,
PO Box 7150,
Leicester
LE3  0YY

Leicester Family Contact Centre, (ફક્ત સ્થાન)
Holy Trinity Church,
Regent Road,
Leicester
LE1 6XE     મોબાઇલ ફોન, ઉપયોગ માટે ફક્ત,(શનીવાર બપોર 1-4 સુધી) 07814 801 413

**વેબસાઇટ:** www.freewebs.com/leicesterfamilycc